નવેમ્બર મહિનાની વહેલી સવાર... સવારના 6 ને 40 ... હજી સવારનો સૂરજ ઊગું ઊગું થઈ રહ્યો હતો. આકાશ કેસરી થઈ ગયું હતું. સૂરજ ઊગતાં પહેલાંનું અજવાળું ધીમે ધીમે છવાવા લાગ્યું હતું જેને તળ ગુજરાતીમાં "મોંસૂઝણું" કહેવાય. ઠંડી હવા ફરફરાટ કરતી વહી રહી હતી. હવાની ઠંડક શરીરની આરપાર નીકળી જાય એવી તીખી નહોતી પણ છતાંય એક હલકી શાલ કે સ્વેટર હોય તો સારું લાગે એટલી ઠંડી શરૂ થઈ ગઈ હતી.

અમદાવાદ ઍરપોર્ટ ઉપર "અરાઇવલ" લખેલા પાટિયા પાસે સો-પચાસ માણસોની ભીડ હતી. થોડા ટેક્સીવાળા, થોડા રિક્ષાવાળા સુસ્ત બેઠાં બેઠાં બીડી પીતા પીતા કે ચાની ચુસ્કી સાથે ગામની ગૉસિપ કરતા હતા. ફ્લાઇટ આજે દસ મિનિટ લેઇટ હતી, કદાચ! ત્યાં ઊભેલાં ટોળાંની સાથે સાથે સગાંવહાલાંઓને લેવા આવેલા લોકો આતુર આંખે રાહ જોઈ રહ્યા હતા. એ ટોળામાં એક માણસ હતો, ડ્રાઇવરનો સફેદ યુનિફૉર્મ પહેરેલો... ઉંમર 50ની આજુબાજુ... એટલો તો બેચેન થઈને આંટા મારતો હતા કે ત્યાં ઊભેલા દરેક માણસે એને એક વાર જોયો, અને નવાઈથી જોઈ રહ્યા. એ માણસની ચાલમાં એક અજંપો હતો. 10 મિનિટ લેઇટ પડેલી ફ્લાઇટ એને 10 કલાક જેવી લેઇટ લાગતી હતી, બીજા લોકો પણ રાહ તો જોતા હતા આવનારાઓની, પણ આની બેચેની જુદી જ હતી.

6 ને 40ની જેટ ઍરવેઝની મુંબઈથી આવતી પહેલી ફ્લાઇટ લૅન્ડ થવાનો અવાજ આવ્યો... થોડા સુસ્ત બેઠેલા રિક્ષાવાળાઓ અને ટૅક્સીવાળાઓમાં સળવળાટ થયો. શાલ લપેટીને, બીડીઓ ફેંકીને, સ્વેટરો ખેંચીને સરખાં કરીને બધાં અરાઇવલના કઠેડા પાસે ટોળે વળવા લાગ્યા. વાતાવરણમાં જાણે અચાનક એક ગરમી આવી ગઈ.

જેટ ઍરવેઝનો બ્લુ સ્કર્ટ અને પ્રિન્ટેડ શર્ટ પહેરેલો સ્ટાફ હાથમાં વોકીટોકી લઈ ફટાફટ આંટા મારવા લાગ્યો. લગેજનો કન્વેયર બેલ્ટ ગોળગોળ ફરવા લાગ્યો.

ફ્લાઇટને સીડી જોડાઈ અને ફ્લાઇટમાં બેઠેલા મુસાફરોએ આંખો ચોળી ઊભા થઈને ઊતરવાની તૈયારી કરવા માંડી. આરોહ-અવરોહ વગરના અવાજે ઍરહોસ્ટેસે અનાઉન્સમેન્ટ કર્યું, "અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઍરપોર્ટ પર તમારું સ્વાગત છે... બહારનું તાપમાન 7 ડિગ્રી સેલ્સિયસ છે... કૃપયા તમારી સીટની ઉપર રહેલા લગેજ ડ્રૉવર્સને ખોલતાં પહેલાં સહયાત્રીનું ધ્યાન રાખવા વિનંતી..." આ અનાઉન્સમેન્ટ પૂરું થાય એ પહેલાં એરક્રાફ્ટમાં મોબાઈલ સ્વીચઓન થવાનો અવાજ આવવા લાગ્યો. પૅન્ડિંગ મેસેજીસ રિસીવ થવા લાગ્યા અને જાતજાતના રીંગટોન સંભળાવાના શરૂ થયા... હજી તો મુસાફરો ધીરેધીરે ઊભા થઈને આળસ

ખંખેરીને નીચે ઊતરવાની તૈયારી કરે એ પહેલાં એક માણસ, 'જે' ક્લાસની સીટમાંથી ઊભો થઈને બીજા મુસાફરોને ધક્કા મારતો સીડી પાસે આવીને ઊભો રહ્યો... એના શરીરની આખીય ભાષા જાણે એની ઉતાવળ વિશે બૂમો પાડી રહી હતી.

'જે' ક્લાસના મુસાફરો સામાન્ય રીતે દોઢું ભાડું આપીને મુસાફરી કરતા મુસાફરો હોય છે. બે સીટની વચ્ચે વધુ જગ્યા, આરામદાયક સીટ, જુદો નાસ્તો અને સ્પેશિયલ ટ્રીટમેન્ટ મેળવતા આ મુસાફરો સ્વાભાવિક રીતે જ જુદા વર્ગમાંથી આવતા હોય છે. 'બિઝનેસ ક્લાસ' કે 'જે' ક્લાસ તરીકે ઓળખાતી વિમાનની આ ખાસ સીટોમાં મુસાફરી કરતા બધા જ મુસાફરો પેલા માણસની ઉતાવળ જોઈને નવાઈ પામી ગયા. જે રીતે ધક્કા મારીને આગળ ગયો એ વર્તન કોઈ ઉચ્ચ વર્ગના માણસને શોભે એવું નહોતું જ! મોડેલ જેવી દેખાતી 28ની કમર ઉપર લો-વેઈસ્ટ જીન્સ પહેરેલી એક કન્યાએ જરા બડબડાટના સૂરમાં કહ્યુંય ખરું. "ઉફ... આ અનકૂથ લોકો...!!!" બીજા એક આધેડ ઉંમરના માણસ જેને ધક્કો વાગ્યો હતો એણે પણ કહ્યું, "ઇઝી! યંગમેન ઇઝી... અમારે પણ ઊતરવાનું જ છે." પણ આ બધાની પેલા માણસ પર જાણે કોઈ અસર નહોતી થઈ! એની ઉતાવળ, એની ખૂટી ગયેલી ધીરજ, એની અકળામણ જોઈને ઍરહોસ્ટેસથી ન રહેવાયું.

"ઍનીથિંગ રોંગ સર?" એણે સહાનુભૂતિથી પૂછ્યું. એણે ફ્લાઇટ દરમ્યાન પણ જોયું હતું કે એ માણસ ખૂબ રેસ્ટલેસ હતો. ઘડીઘડી ઘડિયાળ જોતો, બારીની બહાર જોઈને આંખમાં આવેલા પાણીને ઘડીઘડી લૂછતો હતો. એણે કંઈ ખાધુંય નહોતું. જ્યુસ-ચા-કૉફી બધાંયની ના પાડી હતી, ઍરહૉસ્ટેસે વારંવાર પૂછવા છતાં! માત્ર પાંચ વખત પાણી માગીને પીધું હતું.

"નો. ઇટસ ઓ.કે." એણે જવાબ આપ્યો.

"ટેઇક કેર!" ઍરહોસ્ટેસે કહ્યું અને પાછું જેટ ઍરવેઝનું વ્યાવસાયિક સ્મિત પહેરી લીધું. વિમાનનો દરવાજો ખૂલતાં જ પેલો માણસ ધડધડાટ સીડી ઊતરી ગયો. બહાર ઊભેલી કોચમાં બેસ્યા સિવાય એ સીધો ઍરપોર્ટ તરફ દોડ્યો... હા, હા, દોડ્યો જ! એના શ્વાસ ધમણની જેમ ચાલતા હતા. એને માત્ર એક જ દિશા દેખાતી હતી અને એ ઍરપોર્ટની બહાર નીકળવાની દિશા.

એના આખા શરીરમાં એક વિચિત્ર પ્રકારનો ઉચાટ હતો. કોઈની પરવા કર્યા વિના ધીમે ધીમે ઊતરીને કોચ તરફ જઈ રહેલા મુસાફરોને ધક્કા મારતો એ યુવાન દોડ્યો.

એને ઍરપોર્ટના અરાઇવલની બહાર ઊભેલો ડ્રાઇવર દેખાયો અને અરાઇવલના

ગેટ ઉપર ઊભેલા સિક્યોરિટીના માણસની પણ પરવા કર્યા વિના એ યુવાન ઍરપોર્ટની બહાર નીકળી ગયો.

ઍરપોર્ટની બહાર ઊભેલા ટોળામાં પેલો ડ્રાઇવર બરાબર બહાર નીકળવાના દરવાજા પાસે આવીને ઊભો રહ્યો. અને આવી રહેલા મુસાફરો તરફ જોઈ રહ્યો...

...ટેન કલરનું લેધરનું જૅકેટ, બ્લુ ડેનિમ... લગભગ 6 ફૂટ જેટલી હાઈટ, ગોરો ઊંચો દેખાવડો... રોમન શિલ્પ જેવું કસાયેલું શરીર ધરાવતો, પહોળા ખભા અને પાતળી કમર... નાના વાળ અને એક પોલિશ્ડ બિઝનેસમેનનો લુક ધરાવતો લગભગ 38નો એક યુવાન જે વિમાનમાંથી ધક્કા મારીને ઊતર્યો હતો એ હજીય દોડતો જ બહાર નીકળ્યો હતો. એના હાથમાં એક 'સેમસોનાઇટ'ની લૅપટૉપ અને થોડા કાગળો મૂકી શકાય એવી બૅગ હતી–બસ!

એની આંખો આકળ-વિકળ હતી. સૂકીભ છતાં – જાણે એ આંખો ઘેરાઈ આવી હતી. રાતનો ઉજાગરો – અને ચિંતાનાં કાળાં વાદળોથી. જાણે હમણાં જ પડશે એવી ડબડબી ઊઠેલી એ યુવાનની આંખો પેલા ડ્રાઇવરની આંખો સાથે ક્ષણભર માટે મળી, પણ ડ્રાઇવરથી એ નજર નહીં સહેવાઈ હોય કદાચ, એટલે એણે નજર ઝુકાવી દીધી ને ડ્રાઇવર એને જોઈને એક ડગલું વધુ આગળ આવ્યો. પેલો યુવાન ડ્રાઇવર પાસે આવીને અટકી ગયો. એક અજબ ખાલીપો, એક ભયાવહ સન્નાટો હતો એની આંખોમાં. પેલો યુવાન બહુ સમય સુધી એ આંખોમાં જોઈ ના શક્યો. એણે નજર ફેરવતાં પૂછી જ નાખ્યું. "શું? શું થયું?"

ડ્રાઇવરે એના ખભે હાથ મૂક્યો... એનું ડોકું સાવ હલકું પણ 'ના'માં હલી ગયું. ને ડ્રાઇવરે એના હાથમાંની હૅન્ડ લગેજ લઈ લીધી.

પેલા યુવાને ડ્રાઇવરનો હાથ પકડી લીધો. પોતાના નીચલા હોઠને દાંત તળે એવો તો દબાવી દીધો કે લોહીના ટશિયા ફૂટી આવ્યા. આંખમાં ધસી આવેલાં પાણીને એણે માંડ માંડ ખાળ્યાં... ખિસ્સામાંથી સનગ્લાસીસ કાઢીને આંખો પર ચઢાવી દીધાં. ચાલવા શું, દોડવા જ માંડ્યું... ડ્રાઇવરે પણ પાછળ દોટ મૂકી અને પેલો યુવાન ગાડી સુધી પહોંચે એ પહેલાં ડ્રાઇવર ગાડી સુધી પહોંચી ગયો.

વી.આઈ.પી. પાર્કિંગમાં ઊભેલી ઑક્સફૉર્ડ બ્લ્યુ કલરની બી.એમ.ડબ્લ્યુ. ગાડીનો બીજી તરફ દરવાજો ખોલીને ડ્રાઇવરે એના હાથમાંથી હૅન્ડ લગેજ લઈને પાછળની સીટમાં મૂકી દીધું. યુવાન બેચેનીથી ડ્રાઇવિંગ સીટ તરફ આગળ વધ્યો... ડ્રાઇવરે બીજી તરફનો ખોલેલો દરવાજો બંધ કર્યો અને ચાવી લઈ ડ્રાઇવરની સીટના દરવાજા તરફ દોડ્યો. યુવાને એના હાથમાંથી ચાવી લીધી અને ડ્રાઇવિંગ સીટ પર ગોઠવાઈ ગયો...

એણે જે રીતે ગાડી ચાલુ કરીને પાર્કિંગમાંથી કાઢી એ ઝડપ અને બેચેની જોતાં ડ્રાઇવરને ધ્રાસ્કો પડી ગયો હતો. યુવાને ગાડી બહાર કાઢીને શાહીબાગના રસ્તે આગળ લીધી...

"અહમદાબાદ મેં આપ કા સ્વાગત હૈ" લખેલા ભૂરા પાટિયાની નીચેથી ગાડી સડસડાટ પસાર થઈ ગઈ અને ડાબી બાજુ શહેર તરફ વળી...

યુવાનના ચહેરા પર અજબ પથ્થર જેવા ભાવ હતા, કહો કે કોઈ ભાવ જ નહોતા. એની આંખોમાં વારેવારે ધસી આવતા પાણીને એ ગાડી ચલાવતાં ચલાવતાં હાથેથી જ લૂછી નાખતો હતો. એના શ્વાસ તેજ ગતિએ ચાલતા હતા, ગાડી કરતાંય તેજ ગતિએ...

સડસડાટ પસાર થતાં ઝાડવાંઓ ઉપર જાણે સવારનો સૂરજ લાલ રંગ છાંટી રહ્યો હતો. દૂર આકાશમાં કેસરી ગોળો ધીરે ધીરે ઉપર ચડતો પીળો થઈ રહ્યો હતો. સોનલવર્ણો કૂણો તડકો શહેરને જાણે હળવા હાથે ઊંઘમાંથી જગાડીને કામે ચડવાનું યાદ દેવડાવતો હતો. અમદાવાદ શહેરના રસ્તાઓ ધીરે ધીરે જાગવા લાગ્યા હતા. વાહનો ફરવા લાગ્યાં હતાં.

ઍરપોર્ટથી શાહીબાગ કૅન્ટોનમેન્ટનો વિસ્તાર પ્રમાણમાં સ્વચ્છ અને શાંત હતો. ખાસ કરીને વહેલી સવાર હોવાના કારણે વાહનોની અવરજવર પણ ઓછી હતી. સદર બજાર અને કૅન્ટોનમેન્ટના ગેટ્સ બહાર મૂકેલી તોપનું મૉડેલ અને કૅમ્પના હનુમાન પસાર કરીને ગાડી આગળ ચાલવા લાગી.

ગાડીની ગતિ પ્રમાણમાં ઘણી વધારે હતી. તેમ છતાં એ યુવાનને લાગતું હતું કે જાણે ગાડી ખૂબ ધીમી ચાલી રહી છે.

ઑક્સફર્ડ બ્લ્યુ રંગની બી.એમ.ડબ્લ્યુ. જાણે પેલા યુવાનથી પણ વધુ ઉતાવળમાં હતી. યુવાન બેધ્યાનપણે ગાડી ચલાવી રહ્યો હતો. એના મગજમાં એકસામટાં સો-સો દૃશ્યો આવતાં હતાં અને પસાર થઈ જતાં હતાં... કેટલાય અવાજો એને સંભળાતા હતા એને, એકસામટા. એણે બારીની બહાર જોયું... અને જાણે દૂર આકાશમાં ક્ષિતિજ ઉપર એને એક ચહેરો દેખાયો.

એક છોકરીનો ચહેરો... સુંદર, તાજગીભરી અને ખડખડાટ હસતી એ છોકરીના મોતીની માળા જેવા દાંત સ્પષ્ટ દેખાતા હતા. આખું આકાશ ભરી દેતો લાર્જર ધેન લાઇફ એ ચહેરો આકાશના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયેલો હતો... યુવાને આંખોમાં ઊભરાતા પાણીને કારણે ધૂંધળો થઈ જતો એ ચહેરો ધ્યાનથી જોયો. જિંદગીથી ભરપૂર ચહેરો... ખડખડાટ હસતો ચહેરો... બે બોલકણી આંખોવાળો ચહેરો... ગોરો, નમણો, અને જાણે કોતરીને બનાવેલું આરસનું શિલ્પ હોય એવા

પરફેક્ટ-સુરેખ નાક, હોઠ અને હડપચી ધરાવતો ચહેરો જાણે એની સામે જોઈ રહ્યો. ખભાથી સહેજ લાંબા અને નિતંબથી સહેજ ઉપર સુધીના લાંબા કાળા અને જથ્થાબંધ સુંવાળા વાળ એના ચહેરા ઉપર વારંવાર ફેલાઈ જતા હતા. જેનાથી એનો ચહેરો જાણે ઢંકાઈ જતો હતો. એ ખડખડાટ હસતી હતી... યુવાને અનાયાસે હાથ લંબાવ્યો, એના ચહેરા પર ફેલાઈ જતા વાળ હટાવવા માટે...

એનાં ટેરવાં જાણે એ છોકરીની ચામડીને સ્પર્શી શકતાં હતાં હવામાં!

એ છોકરીની લીસ્સી, માખણ જેવી ત્વચા એ યુવાનનાં ટેરવાંને અજબ પ્રકારની ફીલિંગ આપતી હતી. જાણે એનાં ટેરવાં આ છોકરીને સ્પર્શીને જીવતાં થઈ જતાં. એનું સમગ્ર અસ્તિત્વ એનાં ટેરવાંમાં આવીને ધબકવા લાગ્યું. એના ગાલ, એની હડપચી અને હોઠ... ઉફ! આ છોકરી હતી કે જીવતો જ્વાળામુખી?! આ જ ફીલિંગ છેલ્લાં કેટલાંય વર્ષોથી અનુભવી શકતો. જુવાળ આવ્યો હશે એની ઘેલછામાં, પણ ક્યારેય ઓટ નથી આવી!

એણે ચાલુ ગાડીએ હાથ લંબાવ્યો. ક્ષિતિજમાં દેખાતી છોકરીના ચહેરા પરથી વાળ હટાવ્યા, એ વાળની મુઠ્ઠી ભરી અને સહેજ બરછટ પુરુષત્વથી એનો ચહેરો પોતાની નજીક ખેંચ્યો... છોકરીના હોઠ ખૂલી ગયા હતા! એના ચહેરા પરથી સ્મિત ગાયબ હતું. નખશિખ સ્ત્રી પૂર્ણ સમર્પણ માટે તૈયાર હોય એમ એ છોકરી હોઠ ખોલીને, આંખો મીંચીને, ચહેરો સહેજ ઉપરની તરફ ઉઠાવીને બીજા એક જોડી હોઠની પ્રતીક્ષા કરતી હતી, જે એને ઓગાળી નાખે...

“ભાઈ!!!” ડ્રાઇવરે બૂમ પાડી. ગાડી જમણી બાજુના રોડ ડિવાઇડરને ઘસાવાની તૈયારીમાં હતી. યુવાનની તંદ્રા તૂટી ગઈ. એણે ગાડી સંભાળી લીધી. “હું ચલાવું?” ડ્રાઇવરે પૂછ્યું, ડરતાં ડરતાં.

યુવાને એક પણ અક્ષર બોલ્યા વિના ગાડી સાઇડ પર લીધી. અને ઊતરીને બીજી તરફ આવીને ગોઠવાઈ ગયો. ડ્રાઇવરે ગાડી રસ્તા પર લીધી. બાજુમાં બેઠેલા યુવાન માટે હવે જાણે વધુ સરળતા થઈ ગઈ. એ કોઈ પણ વિક્ષેપ વિના વિચારોમાં સરી પડ્યો... એક પછી એક વાતો, વાક્યો, અને વિચારો એની નજર સામે ફિલ્મની પટ્ટીની જેમ ચાલવા લાગ્યાં...

ઘર તરફ આગળ વધતી પાણીના રેલા જેવી એ ગાડીમાં બેઠેલો યુવાન જિંદગીનાં દસ વર્ષ પાછળ જતો રહ્યો હતો–

એની એવી ઉંમરમાં જ્યારે જિંદગી હજી શરૂ થતી હતી. ઘરથી દૂર - વિદેશ...

■